જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૫/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૨૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૯૮	૪	૧૧૫૦૨	૧૭૬૧૭	૪	૧૭૬૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૫	૦	૮૫	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૯૨૦૭	૨૭૬	૪૯૪૮૩	૪૯૯૧૩	૨૮૦	૫૦૧૯૩
કુલ		૬૫૪૯૮	૨૮૦	૬૫૭૭૮	૭૪૦૭૪	૨૮૪	૭૪૩૫૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૯	૧,૮૦,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૫૪	૧૯,૫૪,૦૦૦/-

ઘરફોડના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કાગડાપીઠ પોલીસ સ્ટેશન

કાગડાપીઠ પોલીસ સ્ટેશનના મિલ્કત સંબંધી નોધાયેલ ગુનાને તાત્કાલીક શોધી મુદ્દામાલ સાથે પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એ.જે.પાંડવ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા.૨૫/૦૫/૨૦૨૧ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ તથા પો.સ.ઇ.શ્રી બી.એસ.રબારી તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા-ફરતા કલાક ૧૧/૩૦ વાગે મજુરગામ ત્રણ રસ્તા પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના હે.કો.સંજયકુમાર દશરથભાઇ તથા લોકરક્ષક યોગેન્દ્રસિંહ ખુમાનસિંહ તથા લોકરક્ષક કૃણાલકુમાર દિનેશભાઇ નાઓને સંયુક્ત રીતે બાતમી હકિકત મળેલ કે, "કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૧૦૮૮૮/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબના ગુનાના કામે ચોરી કરેલ મુદ્દામાલ સાથે "એક ઇસમ કે જેણે શરીરે આછા વાદળી કલરનો અડધી બાયનો શર્ટ તથા નાઇટ પેંટ પેહેરેલ છે જે ઇસમ ફાયર સફ્ટીના પાણી સપ્લાય માટેના ચોરી કરેલ વાલ્વ તથા નોઝલ વેચવા માટે આમ તેમ ફરે છે. જે ઇસમ હાલ બે પ્લાસ્ટીકના થેલા લઈને મજુર ગામ આર્યનગર સોસાયટીના નજીક ઉભો છે. અને હાલમા તેની પાસે ચોરી કરેલ વાલ્વ તથા નોઝલ સાથે લઈને ઉભો છે" વિગેરે મતલબની બાતમી હકિકત આધારે બાતમી હકીકતવાળી જગ્યાએ વોચમાં રહી ઉપરોક્ત બાતમીમાં જણાવેલ વર્ણનવાળા ઈસમ સુરેશ મંગાણ યાદીદ્રેવેડ ઉ.વ.૩૨ રહે.નાથાભાઇની ચાલી, ધરમનગર પોસ્ટ ઓફીસની સામે, સાબરમતી, અમદાવાદ શહેર ને પકડી સદરી પાસેથી ફાયરસેક્ટીના પાણી સપ્લાય માટે લાગેલ વાલ્વ નંગ-૦૫ તથા નોઝલ નંગ-૦૪ જે બન્નેની કુલ્લે કિ.રુ. ૩૧,૨૦૦/- નો મુદ્દામાલ પકડી સદરી આરોપીનો કોરોના રીપોર્ટ કરાવી કોરોનાનો રીપોર્ટ નેગેટીવ આવતા આજરોજ તા.૨૫/૦૫/૨૦૨૧ ના રોજ અટક કરી કાયદેસરની કાર્યવાહિ કરી કાગડાપીઠ પોલીસ સ્ટેશનનો ઉપરોક્ત ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.



પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ ૩૧૯ કિ.રૂ.૧,૫૨,૦૫૦/-, બિયર ટીન નંગ-૨૪ કિ. રૂ. ૩૬૦૦/- તથા સ્વીફટ ગાડી કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/-તથા મોબાઇલ ફોન નંગ-૩ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/-તથા રોકડા રૂપિયા ૩૬૦૦/-મળી કુલ રૂપિયા ૪,૯૪,૬૫૦/-ના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓને બાતમી આધારે પકડી પાડી પ્રોહી.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય જે પ્રોહીબિશનની બદી નેસ્ત નાબુદ થાય તે સારૂ ઇસનપુર પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી.રાણા સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીંગ ફરતા-ફરતા તા.૨૫/૦૫/૨૦૨૧ કલાક ૨૨/૧૫ વાગે ઇસનપુર ઇન્દીરાનગરમા આવતા અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ તથા અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી હકિકત મળેલ કે એક વાઇટ કલરની નંબર પ્લેટ વગરની સ્વીફ્ટ ગાડીમા કેટલોક ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરીને ત્રણ ઇસમો નારોલ સર્કલ તરફથી કાલા મેદાન થઇ ઇન્દીરાનગરમા આવવાના છે અને આ સ્વીફ્ટ ગાડીનુ બે ઇસમો પેશન મો.સા ઉપર આગળ પાઇલોટીંગ કરે છે જે હકિકત આધારે પંચો સાથે વોચ કરી આરોપીઓ (૧) વિક્રમસિહ ભોપાલસિહ ભાટી ઉ.વ ૩૦ રહે, ગામ-રણીયા વોર્ડ નં-૬ તા-વલ્લભનગર પોલીસ થાણુ-ખેરોદા જી-ઉદેપુર રાજસ્થાન તથા (૨) પવનકુમાર ગોવર્ધન અહીર ઉ.વ ૨૧ રહે,ગામ-હમેરપુરા વોર્ડ નં-૯ તા-ભિંડર પોલીસ થાણુ-ખેરોદા જી-ઉદેપુર રાજસ્થાન તથા (૩) જાકીરભાઇ ઉર્ફે બંગાલી નાશીરભાઇ કુરેશી ઉ.વ ૨૧ રહે, મ.નં કે/૧૦ ગલી નં-૬ ગુલશનપાર્ક ઇન્દીરાનગરની પાછળ ઇસનપુર અમદાવાદ નાઓને તા.૨૬/૦૫/૨૦૨૧ કલાક ૩/૦૦ વાગે ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલ નંગ-૩૧૯ કિંમત રૂપિયા ૧,૫૨,૦૫૦/-તથા બીયર ટીન નંગ-૨૪ કિ.રૂ.૩૬૦૦/- તથા નંબર પ્લેટ વગરની સ્વીફ્ટ વી.ડી.આઇ કાર કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૩ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/-તથા રોકડા નાણા રૂપિયા ૩૬૦૦/- મળી કુલ રૂપિયા ૪,૯૪,૨૫૦/-નો મુદ્દામાલ સાથે પકડી પાડી આ દારૂનો જથ્થો મોકલનાર રાજસ્થાનના બે ઇસમો તથા પાયલોટીંગ કરનાર ઇસનપુરના બે ઇસમોને વોન્ટેડ બતાવી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-સી-૧૧૧૯૧૦૨૨૨૧૧૭૮૬/૨૦૨૧ ધી પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઇ),૧૧૬(બી), ૯૮(૨),૮૧ તથા ઇ.પી.કો કલમ ૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) તથા એપેડેમીક ડિસીઝ એકટ ૧૮૯૭ ની કલમ ૩ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરેલ છે જે ગુનાની તપાસ હાલમા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી,.જે.લકુમ નાઓ ચલાવે છે અને વોન્ટેડ આરોપીઓને પકડવા તજવીજ ચાલુ છે.



પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને જુનાગઢ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

રાજેશ ઉર્ફે બેવડા સન/ઓફ બદલુ મલ્લાહ (કેવટ) ઉ વ ૩૦ રહે : લાખાભાઈ રબારીના ભાડાના મકાનમા ભવાનીનગર ઓઢવ અમદાવાદ શહેર મુળગામ : ખુટા થાના : બિંદકી પોસ્ટ : ખજવા જીલ્લો : ફતેપુર ઉત્તરપ્રદેશ

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) નિકોલ પો સ્ટે એ/૧૧૧૯૧૦૧૫૨૦૦૧૨૪/૨૦૨૧ ઇપીકો ૪૫૪ ,૪૫૭ , ૩૮૦ ૧૧૪ મુજબ
(૨)ઓઢવ પો.સ્ટે.ફસ્ટ. ગુ.ર.નં એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૦૯૮/૨૦૨૧ ઇપીકો ૪૫૪,૪૫૭, ૩૮૦ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં - પીસીબી/ડીટીએન/પાસા/૩૮૧/૨૦૨૧ તા. ૨૬/૦૫/૨૦૨૧ તથા બજવણી તા. ૨૬/૦૬/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગે :- જુનાગઢ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ તથા હે.કો.ચંદ્રસિંહ લાખુભા બ.નં.૫૮૮૯, પો.કો.અતુલભાઇ સુખરામભાઇ બ.નં.૮૬૦૬, પો.કો.રાજુભાઇ રાહાભાઇ બ.નં.૧૦૫૮ તથા પો.કો.જયેશભાઇ પાલાભાઇ બ.નં. ૧૩૮૦



નરોડા પોલીસ સ્ટેશન (૧)

પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) સરદારનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૦૨૧૦૫૭૫/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૨), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૭૩૦/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૩૮૨/૨૦૨૧ તા-૨૬/૦૫/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૬/૦૫/૨૦૨૧ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૬/૦૫/૨૦૨૧

આરોપીનુ નામ -

દિલિપ ઉર્ફે લાલો અરવિંદભાઇ મકવાણા ઉ.વ.૨૭ રહે.મ.નં.૪, આંબેડકરનગર, નરોડા જી.આઇ.ડી.સી. ગેટ-૪ સામે, રેલ્વે ક્રોસિંગ પાસે, નરોડા, અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



નરોડા પોલીસ સ્ટેશન (૨)

પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૦૪૦૮/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬ (બી), ૯૮(૨), ૮૧ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૦૭૩૦/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૩૮૪/૨૦૨૧ તા-૨૬/૦૫/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૬/૦૫/૨૦૨૧ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી જીલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૬/૦૫/૨૦૨૧

આરોપીનુ નામ -

કમલેશ ઉર્ફે મુકેશ સવાભાઇ વાઘેલા ઉ.વ.૨૬ રહે:શીતળાનગર, રેલ્વે ક્રોસીંગ પાસે, નરોડા, અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



નરોડા પોલીસ સ્ટેશન (૩)

પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૦૭૩૦/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૩૮૩/૨૦૨૧ તા-૨૬/૦૫/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૭/૦૫/૨૦૨૧ ના કલાક ૧૩/૧૫ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૭/૦૫/૨૦૨૧

આરોપીનુ નામ -

નવનીત ઉર્ફે નીકી મોહનભાઇ બગડા ઉ.વ.૨૪ રહેવાસી: મોર્ડન બ્લ્યુની ચાલી, આંબેડકરનગરમી પાછળ, રેલ્વે ક્રોસિંગ પાસે, નરોડા અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૨૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૭૪ લીટર દેશી દારૂ, ૩૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૮૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૩૧/૨૦૨૧**

નારણપુરાઃ પ્રવીર સ/ઓ વિનોદકુમાર ગુપ્તા (ઉ.વ.૩૦) (રહે. કોલેજ કંપાઉન્ડ શાંતિ હાઉસ સામે બેંક સોસાયટી પાસે પાલનપુર જી-બનાસકાંઠા) એ તા.૨૬/૦૫/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન આરોપી જીતુ ચેલાભાઇ ભરવાડ (રહે.ગામ-પિપળજ તા-દસક્રોઇ જી-અમદાવાદ) એ અંકુર ચાર રસ્તા ખાતે બોલાવી બ્લેક ફંગસના LIPOSOMALAMPHOTERICIN-B(50 mg) ૫૦ ઇન્જેકશન લાવી આપવાનુ જણાવી પ્રવીર ગુપ્તા પાસેથી રૂપિયા ૫,૮૦,૦૦૦/- મેળવી લઈ થોડીવારમા ઇન્જેકશન લઇને આવુ છુ તેમ જણાવી પરત નહી આવતા પ્રવીર ગુપ્તા તેઓના ઘરે જતા જીતુ ભરવાડની પત્નીએ રૂપિયા ૧,૦૦,૦૦૦/- પરત આપ્યા હતા. બાકીના રૂપિયા ૪,૮૦,૦૦૦/- પરત મહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૩૨/૨૦૨૧**

ઓઢવઃ જિતેન્દ્રભાઇ હરકચંદ ચોપડા (રહે. ફ્રેન્ડવીલે રેડીસન બ્લુ હોટલ સામે લો ગાર્ડન પાસે એલીસબ્રિજ) એ તા.૨૬/૦૫/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૫/૨૦૨૧ સાજના ૬/૦૦ થી તા.૨૬/૦૫/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ વેપારી મહામંડળ પ્લોટ નંબર-૩૦૪ ખાતે આવેલ “અન્શીમાં આઇએનસી” નામની કંપનીના ગોડાઉનના દરવાજાની લોખંડની જાળી ખોલી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી ૬૦૦ કિલોગ્રામ કોપર કિમત રૂપિયા ૪,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૩૩/૨૦૨૧**

"એ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ધીરૂભાઈ ચતુરભાઈ ખાંટ (ઉ.વ૨૯) (રહે. ગામ-ગાબટ દેરીવાળી ફળી પટેલીયાના મુવાડા તા.માલપુર જીલ્લો અરવલ્લી) તા.૨૬/૦૫/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સ્થાપત્ય હાઈટ્સ ઉમિયા પાર્લર સામે પોતાની ટ્રક ઉભી રાખી ટાયરમાં હવા ચેક કરતા હતા ત્યારે એક એક્ટીવા ચાલક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ધીરૂભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ધીરૂભાઈના મિત્ર વસંતભાઈ ભુપતભાઈ પરમારે "એ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એચ.જાડેજા ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૩૪/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટઃ દર્શન કુંજવિહારી પરમાર (ઉ.વ.૨૫) (રહે.નારાયણભાઈ હરિભાઇ પટેલની ચાલી કમલા નહેરૂ સોસાયટી પાસે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૫/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા જમાલપુર કુલબજાર સરદારબ્રિજ નીચે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

વાસણાઃ વાસણા જયઅંબેનગર ખાતે પતિ સાથે ભાડાના મકાનમાં રહેતા મુળ વતન અરવલ્લી મેઘરજ ગામ- મોટી પંડુલીના ૨૮ વર્ષની મહીલાને કુટુંબી ૨૩ વર્ષના યુવાન વચ્ચે પ્રેમ સબંધ થઈ જતા બન્ને એક જ કુટુંબના હોવાથી પ્રેમ સંબંધનુ અસ્તિત્વ લાંબુ ચાલી શકે નહી તેમ માની તા.૨૬/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન મહીલા અને યુવાન બન્નેએ વાસણા જયઅંબેનગર ખાતે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી